# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**જાહેર ખબર સંદર્ભે સૂચનાઓ**

**પ્રા.શિક્ષણમાં ફરજ બજાવતા અને તાલીમી લાયકાત ધરાવતા પ્રા.શિક્ષકો/વિદ્યાસહાયકોને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધો.૬ થી ૮)માં સમાવવા બાબત.**

(૧) શિક્ષણ વિભાગનાં તથા પ્રાથમિક શિક્ષણ વિભાગના નીચે જણાવેલ આદેશ અને પરિપત્ર ધ્યાને લેવાના રહેશે.
- (૧) શિ.વિ.ના ઠરાવ ક્રમાંક પીઆરઈ/૧૧/૨૦૧૨/૫૨૦૩૩/ક તા.૧૯-૨-૧૪
- (૨) પ્રા.શિક્ષણ નિયામકશ્રીના પત્રક્રમાંક : પ્રાશિનિ/નીતિ/૨૦૧૪/ક/૬૨૬-૭૧ તા.૨૮-૨-૧૪
- (૩) શિ.વિ.ના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧/૨૦૧૬/સીગેલ ફાઈલ-૨/ક તા.૧૬-૫-૧૬
- (૪) પ્રા.શિક્ષણ નિયામકશ્રીના પત્રક્રમાંક : પ્રા.શિ.નિ./નીતિ/૨૦૧૬/ક/૩૫૫૫-૩૬૦૭ તા.૨૩-૫-૧૬

(૨) જૂન-૨૦૧૦ પહેલાં રાજ્યમાં ધો. ૧ થી ૭નું પ્રાથમિક શિક્ષણ હતું તે સમયે ભરતી થયેલા પ્રા. શિક્ષકો / વિદ્યાસહાયકો ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તેવા તાલીમી લાયકાત(સ્નાતક/પી.ટી.સી. અથવા સ્નાતક/બી.એડ.) ધરાવતા પ્રા.શિક્ષકો/વિદ્યાસહાયકોએ અત્રેની શિક્ષણ સમિતિના પરિપત્ર નં.૧/તા.૫-૪-૧૬થી વિકલ્પ સ્વીકારનું સંમતિપત્રક મુખ્ય ઓફિસ એસ્ટાબ્લીસમેન્ટ વિભાગમાં જમા કરાવેલ છે. તેવા તમામ વિદ્યાસહાયક/પ્રા.શિક્ષકોએ વિકલ્પ કેમ્પમાં હાજર રહેવાનું રહેશે.

(૩) ધો.૧ થી ૫ના પ્રા.શિક્ષક/વિદ્યાસહાયક કે જેઓ તા.૧૯-૨-૧૪ના ઠરાવ મુજબ પાત્રતા ધરાવતા હોય તેવા અને અગાઉના વર્ષોમાં વિકલ્પ આપેલ હોય અને હક્ક જતો કરેલ હોય તેવા પ્રા.શિક્ષક/ વિદ્યાસહાયકોએ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સમાવવવા અંગેના ઉપર જણાવેલ ઠરાવ અનુસાર વિકલ્પ સ્વિકારવા માંગતા હોય તેઓએ પણ કેમ્પમાં હાજર રહેવાનું રહેશે.

(૪) ઉપલબ્ધ ખાલી જગાઓમાંથી શાળા પસંદગી કરવાની તક આપવામાં આવશે. જો આ કેમ્પમાં પ્રા.શિક્ષક/ વિદ્યાસહાયક હાજર નહી રહે તો શાળા પસંદગીનો તથા વિકલ્પ પસંદગીનો હક્ક રહેશે નહીં.જેની નોંધ લેવી.

(૫) અગાઉના વર્ષોમાં વિકલ્પ આપેલ હોય અને હક્ક જતો કરેલ હોય તેવા પ્રા.શિક્ષક/વિદ્યાસહાયકોએ ઉપર જણાવેલ ઠરાવ અનુસાર વિકલ્પ સ્વીકારવા માંગતા હોય તો મુખ્ય ઓફિસ એસ્ટાબ્લીસમેન્ટ વિભાગમાં તા.૩૧-૫-૧૬ સુધીમાં વિકલ્પ કેમ્પમાં ઉપસ્થિત રહી શાળા પસંદગી કરવા માંગે છે તે અંગેનો લેખિત રિપોર્ટ રજૂ કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| **કેમ્પની તારીખ** | :- | **૨-૬-૧૬ / ગુરૂવાર** |
| **કેમ્પનો સમય** | :- | **સવારે ૧૦-૦૦ કલાકે** |
| **કેમ્પનું સ્થળ** | :- | **સ્કાઉટભવન, પ્રભુદાસ ઠક્કર કોલેજ પાસે, પાલડી, અમદાવાદ-૭** |

તા.૨૬-૫-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક: પ્રાશિનિ/નીતિ/૨૦૧૬/ક/૩૫૫૫-૩૬૦૭
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા.૨૩/૦૫/૨૦૧૬

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ.
શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ.

વિષયઃ- પ્રાથમિક શિક્ષણમાં ફરજ બજાવતા અને તાલીમી લાયકાત (સ્નાતક/પીટીસી અથવા સ્નાતક/બી.એડ) ધરાવતા વિધાસહાયક/પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ(ધો..૬ થી ૮) માં સમાવવા બાબત.

સંદર્ભઃ- ૧. શિ.વિ.ના ઠરાવક્રઃપીઆઇ/૧૧/૨૦૧૨/૫૨૦૩૬/ક, તા.૧૯-૨-૨૦૧૪
૨. શિ.વિ.ના ઠરાવક્રઃપીઆરઇ/૧૧/૨૦૧૬/સીંગલફાઇલ-૨/ક, તા.૧૬-૫-૨૦૧૬

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, શિ.વિ.ના સંદર્ભ-૧ ના ઠરાવથી પ્રાથમિક શિક્ષણમાં ફરજ બજાવતા અને તાલીમી લાયકાત (સ્નાતક/પીટીસી અથવા સ્નાતક/બી.એડ) ધરાવતા વિધાસહાયક/પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ(ધો..૬ થી ૮) માં સમાવવા જોગવાઇઓ કરવામાં આવેલ છે. શિ.વિ.ના સંદર્ભ-૨ના ઠરાવથી શિક્ષણ વિભાગના તા.૧૯-૨-૨૦૧૪ ના ઠરાવના ક્રમાંક-(૪) માં સિનિયોરીટી મુજબ વિકલ્પ આપેલા શિક્ષક/વિધાસહાયકોને ઉચ્ચ પ્રાથમિક શાળામાં સમાવવાની પ્રક્રિયા દરમ્યાન જો શિક્ષક/વિધાસહાયક પોતે અસંમતિ દર્શાવે તો તેવા શિક્ષકો/વિધાસહાયકોનો વિકલ્પ રદ કરવાનો રહેશે અને ભવિષ્યમાં તેઓનો ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સમાવવા અંગેનો હક્ક દાવો રહેશે નહિ તેવી જોગવાઇમાં ફેરફાર કરીને આ રીતે રદ કરેલ વિકલ્પ વર્ષ-૨૦૧૬ માં થનાર વિકલ્પ કેમ્પ પુરતા વાપરવાની છુટ આપવામાં આવેલી છે.

સબબ, આપના જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં ફરજ બજાવતા ધો.૧ થી ૫ ના શિક્ષક/વિધાસહાયક કે જેઓ તા.૧૯-૨-૧૪ ના ઠરાવ મુજબ પાત્રતા ધરાવતા હોય તેવા તથા અગાઉના વર્ષોમાં વિકલ્પ આપેલ હોય અને હક્ક જતો કરેલ હોય તેવા શિક્ષક/વિધાસહાયકનો ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સમાવવા અંગેનો સંયુકત વિકલ્પ કેમ્પ તા.૨-૬-૨૦૧૬ સુધીમાં પુર્ણ કરવા જણાવવામાં આવે છે. આપના તરફથી કરવામાં આવેલ કાર્યવાહી અંગેની જાણ અત્રે કરવાની રહેશે.

પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રાથમિક શિક્ષણમાં ફરજ બજાવતા અને તાલીમી લાયકાત (સ્નાતક/પીટીસી અથવા સ્નાતક/બી.એડ.) ધરાવતા વિધાસહાયક/પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધોરણ-૬ થી ૮) માં સમાવવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક- પીઆરઇ/૧૧/૨૦૧૬/સીંગલ ફાઇલ-૨/ક
સચિવાલય,ગાંધીનગર.
તારીખ-૧૬/૦૫/૨૦૧૬

**સંદર્ભ :-**

(૧) શિક્ષણ વિભાગનો તા. ૧૬/૦૨/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧/૨૦૧૨/૫૨૦૩૬/ક
(૨) શિક્ષણ વિભાગનો તા. ૨૩/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧૨૦૧૨/૩૧૪૭૭૬/ક
(૩) શિક્ષણ વિભાગનો તા. ૧૯/૦૨/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧/૨૦૧૨/૫૨૦૩૬/ક
(૪) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની તારીખ ૦૭/૦૪/૨૦૧૬ ની ક્રમાંક-પ્રાશિનિ/નીતિ/સીંગલ ફાઇલ/૨૦૧૬/ક/ક ની સીંગલ ફાઇલ.
(૫) ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘનો તારીખ ૨૨/૦૩/૨૦૧૬નો પત્ર

**આ મુ ખ ::-**

સંદર્ભ (૩) આગળ દર્શાવેલ નિયામક, પ્રાથમિક શિક્ષણની સિંગલ ફાઇલની દરખાસ્ત તથા સંદર્ભ (૪) આગળ દર્શાવેલ ગુજરાત રાજય પ્રામથમિક શિક્ષણ સંઘે સંદભ (૨) આગળ દર્શાવેલ વિભાગના તારીખ ૧૯/૦૨/૨૦૧૪ના ઠરાવના ક્રમાંક-(૪)માં સીનીયોરીટી મુજબ વિકલ્પ આપેલા શિક્ષક/વિધાસહાયકને ઉચ્ચ પ્રાથમિક શાળાઓ (ધોરણ-૬ થી ૮) માં સમાવવાની પ્રક્રિયા દરમિયાન જો શિક્ષક/વિધાસહાયક પોતે અસંમતિ દર્શાવે તો તેવા શિક્ષકો/વિધાસહાયકોનો વિકલ્પ રદ કરવાનો રહેશે અને ભવિષ્યમાં તેઓનો ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સમાવવા અંગેનો હક દાવો રહેશે નહિ તેવી કરેલ જોગવાઇમાં ફેરફાર કરીને આવા શિક્ષકોને વધુ એક તક આપવા કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ ::-**

પુખ્ત વિચારણાને અંતે વિભાગના તા. ૧૯/૦૨/૨૦૧૪ના ઠરાવના ક્રમાંક-(૪)માં સિનિયોરીટી મુજબ વિકલ્પ આપેલા શિક્ષક/વિધાસહાયકોને ઉચ્ચ પ્રાથમિક શાળામાં સમાવવાની

પ્રક્રિયા દરમ્યાન જો શિક્ષક/વિધાસહાયક પોતે અસંમતિ દર્શાવે તો તેવા શિક્ષકો/વિધાસહાયકોનો વિકલ્પ રદ કરવાનો રહેશે અને ભવિષ્યમાં તેઓનો ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સમાવવા અંગેનો હક દાવો રહેશે નહિ તેવી જોગવાઇમાં ફેરફાર કરીને આ રીતે રદ કરેલ વિકલ્પ વર્ષ-૨૦૧૬માં થનાર વિકલ્પ કેમ્પ પુરતા વાપરવાની છુટ આપવામાં આવે છે પરંતુ આવી છુટ મેળવનાર શિક્ષકે સદરહુ વિકલ્પનો ઉપયોગ જીલ્લા ફેર બદલી માટે વિભાગના તારીખ ૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવના પ્રકરણ ઘ(૨) ની જોગવાઇ અનુસાર અરજીની મુળ સીનીયોરીટીનો લાભ મેળવવા માટે દાવો કરી શકશે નહીં તે મતલબનું બાંહેધરીપત્ર આપવાનું રહેશે, કારણકે સહાનુભુતિપુર્વક વિચારણા કરીને વિકલ્પ વાપરવા આપેલ છુટ અને જીલ્લાફેર બદલીનો મુળ અરજીની ઓથોરીટીનો લાભ બંને એકસાથે આપી શકાય નહીં.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( એ.આઇ. પટેલ )
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથ.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(ઉ અને ટે.શિ.), શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- શાસનાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સર્વે તિજોરી અધિકારીશ્રી (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ જી-સ્વાન પર મુકવા સારુ રવાના
- સિલેક્ટ ફાઇલ/ નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.